# GUJARAT ARTS & COMMERCE COLLEGE
(EVENING)

Address: Ellisbridge, Ahmedabad – 380 006, Gujarat, India

College Code 206
Est 1992

(Gujarat University affiliated vide Letter No. Academic/21/22444/2005 Dated 20/10/2005 &
UGC New Delhi Affiliated 2(F) and 12(B) vide Letter No. F 8-447/2005 (CPP-1) Dt. 26-12-2005)

Phone : +91 79 26447295 Website : www.gacc.org.in Email : info@gacc.org.in


ક્રમાંક:ગુવિવાકો/મકમ/2023-24/961-966 તારીખ: 22/07/2023

પ્રતિ,
નાયબ વન સંરક્ષકશ્રી,
ગીર પૂર્વ વન વિભાગ,
વેકરીયા પરા,ધારી.
મુ.તા.ધારી, જિલ્લો-અમરેલી,
પીન કોડ-365640.
ગુજરાત રાજ્ય

વિષય: "આઝાદી કા અમૃત મહોત્સવ, ઇકો-ક્લબ અને પંચ પ્રકલ્પ અંતર્ગત શૈક્ષણિક પ્રાકૃતિક શિબિરમાં ભાગ લેવા બાબત,

સંદર્ભ: ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીના પત્ર ક્રમાંક: ૨૦૨૧/૪૨૬૮-૪૩૬૮, તારીખ:૧૩-૦૯-૨૦૨૧

સાહેબશ્રી,

સવિનય ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે અત્રેની સંસ્થા ગુજરાત સરકારશ્રીના શિક્ષણ વિભાગ દ્વારા સંચાલિત છે. ભારત સરકારશ્રી દ્વારા સમગ્ર વર્ષને "આઝાદી કા અમૃત મહોત્સવ વર્ષ" તરીકે ઉજવવાનું આયોજન કરેલ છે. અત્રેની કોલેજમાં ઇકો-ક્લબ કાર્યરત છે. જે કૉલેજના વિદ્યાર્થીઓને પ્રકૃતિ પ્રત્યે સભાનતા કેળવવાનું તથા પર્યાવરણની જાળવણીનું ઉત્તમ કામ કરી રહી છે. ગુંજરાત રાજ્યના મહામહિમ રાજ્યપાલશ્રીએ પંચ પ્રકલ્પ યોજનામાં પ્રકૃતિ શિક્ષણ પર ભાર આપ્યો છે. જે અંતર્ગત અત્રેની કોલેજના એન.સી.સી. અને એન.એસ.એસ. વિભાગના વિદ્યાર્થીઓ "પ્રકૃતિ" અંગે જાગૃતતા અને સભાનતા કેળવે તેમજ પર્યાવરણ પરત્વે અભિમુખ બને તે માટે પ્રકૃતિ શિક્ષણ શિબિર યોજવા માંગીએ છીએ. આ પ્રકૃતિ શિબિરમાં અત્રેની કોલેજના 50 જેટલાં એન.સી.સી. કેડેટસ તથા એન.એસ.એસ. સ્વયંસેવકો અને 5 અધ્યાપકો સહભાગી થવા માંગે છે. કોલેજના વિદ્યાર્થીઓ આપના દ્વારા આપવમાં આવેલ તાલીમથી નીચે મુજબની સેવાઓ આપના વિભાગને આપશે.

1. અમારી સંસ્થાના વિદ્યાર્થીઓ તરફથી આપને ભવિષ્યમાં જ્યારે પણ જંગલ સફાઇ, પર્યાવરણ જાગૃતિના કાર્યક્રમો તથા કુદરતી આપદાના સમયમાં પૂર્ણ સહકાર આપશે.
2. ગુજરાત સરકારશ્રી દ્વારા દર વર્ષે ઉજવવામાં આવતા વન સપ્તાહ કાર્યક્રમમાં અત્રેની કોલેજનો પૂર્ણ સહયોગ આપને રહેશે.
3. આપના દ્વારા આપવામાં આવેલ તાલીમ તથા જ્ઞાનનો ઉપયોગ કરીને અમારા વિદ્યાર્થીઓ અમારી આસપાસના વિસ્તારમાં ઇજાગ્રસ્ત પશુ-પક્ષીઓને પ્રાથમિક સારવાર આપવામાં મદદરૂપ થશે.

Scanned with CamScanner

4. આ તાલીમ શિબિર દ્વારા વિદ્યાર્થીઓ પ્રકૃતિ પ્રત્યે સભાનતા કેળવશે તથા આ ક્ષેત્રમાં રોજગારી મેળવવા માટેનું જરૂરી કૌશલ્યો પ્રાપ્ત કરવામા મદદરૂપ થશે.

અમારી અરજીને ગ્રાહ્ય રાખી આ પ્રકૃતિ શિક્ષણ શિબિરની મંજૂરી આપવા તથા આ અંગે જરૂરી વ્યવસ્થા કરવા આપશ્રીને નમ્ર વિનંતી છે.

આભાર સહ.

આચાર્યશ્રી,
ગુજરાત આર્ટસ અને કોમર્સ કોલેજ, (સાંજની),
અમદાવાદ

નકલ રવાના જાણ સારું,

1. માનનીય મંત્રીશ્રી, વન અને પર્યાવરણ વિભાગ, ગુજરાત સરકાર,
2. CO, 1 GUJ BN NCC, અમદાવાદ
3. NSS વિભાગ, ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી, ગાંધીનગર.
4. ઇકો ક્લબ, ગીર ફાઉન્ડેશન, ગાંધીનગર.
5. રેન્જ ફોરેસ્ટ ઓફિસરશ્રી, પ્રવાસન રેન્જ,સાસણ-ગીર.

Scanned with CamScanner

વન વિભાગ
ગુજરાત રાજ્ય

નાયબ વન સંરક્ષકશ્રીની કચેરી,
ગીર(પુર્વ) વન વિભાગ,ધારી
વેકરીયાપરા ફોરેસ્ટ કોલોની,મુધારી 		૩૬૫૬૪૦-
ફોન નંબર ૦૨૭૯૭ ૨૨૫૦૪૪ -
ઇ-મેલ -dcf_dhari@yahoo.com

ક્રમાંકઃ- ક/શિબિર/ટે.૧૦/૯.૧.૨૮ - ૩૦ /૨૦૨૩-૨૪ 		તા.:- ૮/૧/૨૦૨૪.

પ્રતિ૨૪

આચાર્યશ્રી,

શ્રી ગુજરાત આર્ટસ અને કોમર્સ કોલેજ

(સાંજની) એલીસ બ્રીજઅમદાવાદ

વિષયઃ- પ્રાકૃતિક શિક્ષણ શિબીરમાં હાજરી આપવા શિબીરની ફાળવણી કરવા બાબત.

જય ભારત સાથ ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે, સંદર્ભદર્શીત પત્રથી ચિખલકુબા કેમ્પ સાઇટ ખાતે ૧ કેમ્પની મંજુરી માગેલ હતી. જે તા.૨૮-૦૧-૨૦૨૪ થી ૨૯-૦૧-૨૦૨૪ સુધી નીચેની શરતોને આધિન શીબીરની મંજુરી આપવામાં આવે છે.

:: શરતો::

(૧) અભ્યારણ્ય વિસ્તારમાં પ્લાસ્ટીક કલેકશનના રૂટ સિવાય અન્ય જગ્યાએ જઇ શકાશે નહી.

(૨) પ્લાસ્ટીક કલેકશનના રૂટ પર ઘોંઘાટ કરી શકાશે નહી

(૩) શિબીરાર્થીઓના સમંતીપત્રક ગ્રુપ લીડરે પોતાની પાસે રાખવાના રહેશે.

(૪) અનિવાર્ય સંજોગો વસાત કેમ્પને રદ કરવાની સતા નાયબ વન સંરક્ષકશ્રી, ગીર(પૂર્વ)વન વિભાગની રહેશે.

(૫) શિબીર સ્થળે ધુમ્રપાન,મદિરાપાન,માંસહાર કરી શકાશે નહી.

(૬). શિબીર સ્થળેના લાઇટ,પંખા જરૂર નહોય ત્યારે બંધ રાખવા,

(૭ શિબીર સ્થળે આવવા-જવા વાહન વ્યવસ્થા આપના દવારા કરવાની રહેશે.

(૮) શિબીર સ્થળે વન વિભાગના તમામ કાયદાઓનું પાલન કરવાનું રહેશે.

(૧૦) શિબિર કેમ્પ સાઇડની સાફ-સફાઈનું ખાસ ધ્યાન રાખવાનું રહેશે.

નાયબ વન સંરક્ષકશ્રી,
ગીર(પૂર્વ)વન વિભાગ ધારી

નકલ રવાનાઃ- રે.ફો.ઓ.શ્રી પ્રવાસન રેન્જ તરફ જાણ સારૂ.તેમજ શીબીર સ્થળે જરૂરી વ્યવસ્થા ગોઠવવી.

નકલ રવાનાઃ- રે.ફો.ઓ.શ્રી જસાધાર તરફ જાણ અને અને તુ.શ્યામ મંદીર રૂટ પર પ્લાસ્ટીક કલેકશનના દરમ્યાન જરૂરી સ્ટાફ હાજર રાખવા સારૂ.

Scanned with CamScanner

# Prakruti Shikshan Shibir, Chikhal Kuba

## Surplus Amount Refunded

| Sr. No. | Name of the student | Gender | Gir Excess Amount | Bajana Shortfall Amount | Refund | Sign |
|---|---|---|---|---|---|---|
| 1 | SHUBHAM TIWARI | M | 500 | 0 | 500 | X Shubham tiwari |
| 2 | Upadhyay Yash | M | 500 | 0 | 500 | Divyesh. |
| 3 | SATHVARA TWINKAL DHARMENDRA BHAI | F | 500 | 0 | 500 | X Twinkal |
| 4 | PARMAR DIVYESH MUKESHBHAI | M | 500 | 0 | 500 | Divyesh |
| 5 | PANPATIL SUMIT DIPAK | M | 500 | 0 | 500 | Divyesh. |
| 6 | NAGAR NAINCY M. | F | 500 | 0 | 500 | N.M.nagar |
| 7 | Rajput tanu Singh Mukesh Singh | F | 500 | 140 | 360 | X Tanu |
| 8 | Rajput Mahima | F | 0 | 0 | 0 | Mahima |
| 9 | TULSI BHARWAD | M | 500 | 0 | 500 | Tulsi |
| 10 | Pawar Teena Kumari | F | 500 | 0 | 500 | X Teena |
| 11 | SIKARWAR RAGINIKUMARI virendra singh | F | 0 | 0 | 0 | X [illegible] |
| 12 | VANKAR RANI MANOJBHAI | F | 500 | 0 | 500 | X Rani |
| 13 | Yadav Dilkhush | M | 500 | 140 | 360 | X Dilkhush |
| 14 | Lakum anjali kamlesh bhai | F | 500 | 0 | 500 | X Anjali |
| 15 | Tiwari Soniya Akash | F | 500 | 0 | 500 | X Soniya. |
| 16 | Tomar chetna | F | 500 | 140 | 360 | X chetna. |
| 17 | THAKOR NIHALI | F | 500 | 0 | 500 | Nihali |
| 18 | Khadake Priyanshi | F | 500 | 0 | 500 | Priyanshi |
| 19 | Patel khushi | F | 500 | 0 | 500 | khushi |
| 20 | Pal Diksha | F | 500 | 0 | 500 | X Diksha |
| 21 | RATHAUR NIDHI DEVENDRA SINGH | F | 500 | 0 | 500 | X Nidhi |
| 22 | Gajjar priti hiteshbhai | F | 500 | 0 | 500 | Priti |
| 23 | PATEL YOGINA RAMESHBHAI | F | 500 | 140 | 360 | Y.R.Patel |
| 24 | PAL ANCHAL VIJAYBAHADUR | F | 500 | 0 | 500 | X Panchal |
| 25 | RATHOD RONAKKUMAR GUNVANTBHAI | M | 500 | 140 | 360 | X Ronak |
| 26 | GOHIL PRINCE | M | 500 | 0 | 500 | X Prince |
| 27 | Rajput lalsingh | M | 500 | 140 | 360 | X [illegible] |
| 28 | Yadav Abhishek Surajbhan | M | 500 | 0 | 500 | X Abhishek |
| 29 | Pandey Ravi Rakesh | M | 500 | 100 | 400 | Ravi |
| 30 | SHARMA ANJALI MANOJ KUMAR | F | 500 | 0 | 500 | X Anjali |
| 31 | Tomar Anjali Dalsingh | F | 500 | 140 | 360 | X Anjali. |
| 32 | Kurmi Priya Kumari omprakash | F | 500 | 0 | 500 | Priya |
| 33 | DIVYA RAMKUMAR MAURYA | F | 500 | 0 | 500 | X Divya |
| 34 | Sonara dimpal jethalal | F | 500 | 0 | 500 | Dimpal Mahima |
| 35 | MOVADIYA RONAK JAYESHKUMAR | M | 500 | 0 | 500 | X Ronak |
| 36 | Shaikh Mahejbeen | F | 500 | 140 | 360 | [illegible] |
| 37 | JANGID Ashish | M | 500 | 140 | 360 | X [illegible] |
| 38 | Kevat Sanjay | M | 140 | 140 | 0 | X Sanjay |
| 39 | Khatri Vidhi | F | 500 | 0 | 500 | X Vidhi |
| 40 | Tomar Urvashi | F | 500 | 0 | 500 | X Urvashi. |
| | Total | | 18640 | 1500 | 17140 | |

Scanned with CamScanner


# ગુજરાત આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ (સાંજ) અમદાવાદ


## નેશનલ કેડેટ કોર્પ્સ(NCC) તથા ઇકો ક્લબ આયોજિત

## દ્વીદિવસીય પ્રકૃતિ શિક્ષણ શિબિરનો અહેવાલ

તા.02/02/2024

આજના આધુનિક વિશ્વમાં ગ્લોબલ વોર્મીંગની સ્મસ્યા દિવસે ને દિવસે વધતી જાય છે. આ ગ્લોબલ વોર્મિંગના કારણે વિશ્વના અનેક દેશોમાં ઋતુઓમાં ફેરફાર, કુદરતી આપત્તિઓમાં વધારો, કુદરતી સંપતી ઉપર ભયંકર અસરો વગેરે વગેરે પરિણામો જોવા મળી રહ્યા છે. આ સ્મસ્યાના નિવારણ માટે યુનાઇટેડ નેશન ઓર્ગેનાઇઝેશન દ્વારા વિશ્વના દરેક દેશોમાં પર્યાવરણલક્ષી જાગૃતતા લાવવા માટેના કાર્યક્રમોનું આયોજન કરવા જણાવેલ છે. ભારતમાં પણ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ ભારતના દરેક રાજ્યથી લઇ ગામ સુધી પ્રકૃતિ સંવર્ધન તથા પર્યારવરણલક્ષી કાર્યક્રમોનું આયોજન કરી ભારતની યુવાપેઢીને જાગૃત કરવામાં મહત્વની ભૂમિકા ભજવી છે. ગુજરાત સરકારના વનવિભાગ દ્વારા યુવાઓમાં પ્રકૃતિ પ્રત્યે સંવેદનશીલતા કેળવાય અને પ્રકૃતિના સંરક્ષણ અંગેની ભાવના વિકસે તે હેતુથી દર વર્ષે પ્રકૃતિ શિક્ષણ શિબિરનું આયોજન કરવામાં આવે છે..







આ શિબિરો દ્વારા ગુજરાતની વિવિધ શૈક્ષણિક સંસ્થાઓના હજારો વિદ્યાર્થીઓ પ્રકૃતિ અંગેનું શિક્ષણ અને તાલીમ મેળવી રહ્યા છે.


Scanned with CamScanner

ગુજરાત આર્ટસ એન્ડ કોમર્સ કૉલેજ (સાંજ) અમદાવાદના ઇકો ક્લબ દ્વારા તા. ૨૮ અને ૨૯ જાન્યુઆરી, ૨૦૨૪ દરમિયાન ચીખલકુબા કેમ્પ સાઇટ, ગીર પૂર્વ વન વિભાગ ધારી ખાતે આ વર્ષે અત્રેની કોલેજના વિદ્યાર્થીઓમાં વન્યજીવ સંપદા પ્રત્યે જાગૃતતા આવે તે હેતુથી ગીર (પૂર્વ) વન વિભાગના જશાધાર, તુલશીશ્યામ, રાવલ ડેમ વિસ્તારોમાં પ્લાસ્ટિક કલેકશનની પ્રવૃતિના આયોજન સાથે દ્વિદિવસીય પ્રકૃતિ શિક્ષણ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ શિબિરમાં કોલેજના 40 વિદ્યાર્થીઓ તથા 03 અધ્યાપકોએ ભાગ લીધો હતો.






શિબિરના પ્રથમ દિવસે ચીખલકુબા કેમ્પ સાઇટ ખાતેના ફરજ પરના અધિકારી શ્રી દિપકભાઇ ગુજરાતીએ વિદ્યાર્થીઓને ગીર પૂર્વ વન વિભાગ હસ્તક હેઠળ આવતી રેન્જ, બીટ (વિસ્તાર), ગીર અભ્યારણ્યની, આ વિસ્તારમાં વન વિભાગના અધિકારીઓની કામગીરી, વન વિભાગ દ્વારા કરવામા આવતી શિબિરો વગેરે વિશે માહિતી આપી હતી. આ ઉપરાંત તેઓએ આ વન્ય વિસ્તારમા જોવા મળતા સિંહ, દિપડા, હરણ, દૈયડ જેવી વન્યજીવ સુષ્ટિ વિશે પણ માહિતી આપી હતી. શ્રી ગુજરાતીએ



Scanned with CamScanner

વિદ્યાર્થીઓને આ વન્ય વિસ્તારમાં પ્લાસ્ટિકથી થતા નુકશાન વિશે જણાવી પ્લાસ્ટિક કલેકશનની પ્રવૃતિ અંગે વિસ્તૃત સમજ આપી હતી.



આ અભ્યાસવર્ગ બાદ વિદ્યાર્થીઓએ ચીખલકુબા કેમ્પ સાઇટ વિસ્તારમાં જ વિદ્યાર્થીઓ તથા વિદ્યાર્થીનીઓના જૂથ બનાવી પ્લાસ્ટિક કલેકશનની કામગીરી કરી હતી. બે કલાકની મહેતન બાદ વિદ્યાર્થીઓ 10 થી 12 કોથળા ભરી પ્લાસ્ટિકની થેલીઓ, બોટલો, પ્લાસ્ટિકના ઢાંકણ વગેરે જેવી વસ્તુઓ સંગ્રહિત કરી હતી. આ પ્લાસ્ટિકની વસ્તુઓનો નાશ કરવા માટેની ચોક્કસ પદ્ધતિ શ્રી ગુજરાતીએ વિદ્યાર્થીઓને જણાવી હતી. શિબિરના અંતીમ દિવસે જેટલું પણ સંગ્રહિત થયેલું પ્લાસ્ટિક હશે તેનો પદ્ધતિસર નાશ કરવાનું જણાવ્યું હતું.બપોરના ભોજન બાદ વિદ્યાર્થીઓ માટે શિબિર કેન્દ્ર થી સુલેમાન ટેકરી સુધીના 5 કિ.મી. વિસ્તારમાં ટ્રેકિંગનું આયોજન કરવામાં આવ્યુ હતું. આ ટ્રેકિગ દરમિયાન સાવચેતીના ભાગરૂપે બિટ ગાર્ડ શ્રી દિપકભાઇ તથા બિટ ગાર્ડ શ્રી ભરતભાઇ વિદ્યાર્થીઓની સાથે રહ્યા હતા. આ ટ્રેકિગ દરમિયાન બંને અધિકારીશ્રીઓએ ગીર (પૂર્વ) વન વિસ્તારમાં જોવા મળતા વિવિધ પ્રકારના ઝાડ જેવા કે બોરડી, ગાંગેડી, ખેર, બાવળ, ટીમરૂ, વળવાળિયુ, ગોસ્ટ ટ્રી, શિમળો વગેરેના પાન, ફળ, ફૂલ, માનવ સમાજ માટે તેની ઉપયોગીતા, મહત્વ, ફાયદાઓ, વન્યજીવો માટે જે તે ઝાડનું મહત્વ, ઝાડ સાથે જોડાયેલી વિવિધ દંતકથાઓ વગેરેની રસપ્રદ માહિતી આપી



Scanned with CamScanner


હતી. આ ઉપરાંત તેઓએ ગીર બાજ, દૈયડ, લક્કડખોદ જેવા પક્ષીઓને પ્રત્યક્ષ બતાવી જે તે પક્ષીઓની વિશેષતા વિશે માહિતી આપી હતી. આ ટ્રેકીગ દરમ્યાન અધિકારીઓએ વિદ્યાર્થીઓને સિંહના પગલા બતાવી તેના પરથી નર અને માંદાની ઓળખ, સિંહની ઉંમર વગેરેની રસપ્રદ જાણકારી આપી હતી. અધિકારીઓએ સુલેમાન ટેકરીના



વિસ્તારમાં વન વિભાગ દ્વારા સિંહો માટે પાણી પીવા માટે બનાવેલા કૂંડોની બનાવટ, કૂંડ ખાલી થતા આપો આપ જ પાણી ભરવાની સોલર સંચાલિત પદ્ધતિ વગેરેની માહીતી આપી હતી.

સાંજના ભોજન બાદ વિદ્યાર્થીઓ માટે ફાયર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ફાયર કેમ્પમાં જશાધાર રેન્જના વેટરનરી ડોક્ટર શ્રી.દિનેશભાઇ, જશાધાર રેન્જમાં ફરજ બજાવતા અધિકારીઓ, અધિકારીઓના કુટુંબીજનો વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. ફાયર કેમ્પમાં કોલેજના વિદ્યાર્થીઓએ પ્રાર્થના નૃત્ય, સોલો ગીત, ગૃપ સોંગ,







નાટક, સોલો ડાન્સ, એક પાત્રીય અભિનય વગેરે મનોરંજક કૃતિઓથી સભર સાંસ્કૃતિ કાર્યક્રમોની રજૂઆત કરી હતી. સાંસ્કૃતિક કાર્યક્રમ બાદ ડો.દિનેશભાઇએ વિદ્યાર્થીઓને સિંહોમાં જોવા મળતા રોગો, ઘાયલ સિંહોના રેસ્કયુ, સિંહોની સારવાર, વન્યજીવ સૃષ્ટિની સારવાર માટે વપરાતી દવાઓ, પધ્ધતિઓ, બચાવ અને સારવાર પદ્ધતિઓ વગેરેની રસપ્રદ માહિતી આપી હતી. વિદ્યાર્થીઓએ પ્રશ્નોતરી દ્વારા ડો. દિનેશભાઇના વન્યજીવો સાથેના રોમાંચક અનુભવોને માણ્યા હતા.

Scanned with CamScanner

શિબિરના બીજા દિવસે સવારે સાત કલાકે વિદ્યાર્થીઓ માટે જશાધાર રેન્જ થી તુલશીશ્યામ સુધીના 7 કિ.મીના વિસ્તારમાં પ્લાસ્ટિક કલેકશનન પ્રવૃતિનું આયોજન





કરવામાં આવ્યું હતું. સવારના ખુશનુના વાતવરણમાં પ્લાસ્ટિક કલેકશનની કામગીરી વિદ્યાર્થીઓઓ ખૂબ ઉત્સાહથી શરૂ કરી. 7 કિ.મી ના રસ્તા પર આનંદ-મોજથી ગીત ગાતા-ગાતા ,ગીરના ઘરેણા સમાન બોર ખાતા ખાતા, ગીરના હરણાને ખૂબ નજીકથી નિહાળતા, વનના સૌદર્ય સાથે સેલ્ફી લેતા વિદ્યાર્થીઓએ ત્રણેક કલાક સુધી પ્લાસ્ટિક કલેકશનનું કાર્ય કર્યું હતું. તુલશીશ્યામ પહોચતા સુધીમા વિદ્યાર્થીઓએ 12 કોથળા ભરીને



પ્લાસ્ટિક સંગ્રહિત કર્યું. આ પ્રવૃતિમાં વિદ્યાર્થીઓની સાથે બિટ ગાર્ડ શ્રી દિપકભાઇ ગુજરાતી તથા શ્રી રમેશભાઇ મકવાણાએ વિદ્યાર્થીઓને સતત માર્ગદર્શન પૂરૂ પાડ્યું હતું. તુલશીશ્યામ પહોચ્યા બાદ વિદ્યાર્થીઓએ અહીં કુદરતી રીતે જ નીકળતા ગરમ પાણીના કુંડમા સ્નાન કરી ધન્યતા અનુભવી હતી. વિદ્યાર્થીઓએ તુલશીશ્યામ ભગવાન તથા રૂકમણીજીના દર્શન કરી કુદરતે આ વિસ્તારને આપેલા અખૂટ કુદરતી સૌદર્યને માણ્યું હતું.

બપોરના ભોજન બાદ વિદ્યાર્થીઓ માટે રાવલ ડેમ વિસ્તારમાં પ્લાસ્ટિક કલેકશનની પ્રવૃતિનું આયોજન કરવામા આવ્યું હતું. વિદ્યાર્થીઓએ 3 કિ.મી સુધીના આ વિસ્તારમાં ટ્રેકિંગ કરીને પ્લાસ્ટિક સંગ્રહિત કર્યું હતું. શ્રી ગુજરાતીએ વિદ્યાર્થીઓને રાવલ

Scanned with CamScanner

નદી પર બાંધવામાં આવેલ આ ડેમમાં 1200થી વધુ મગરોનું નિવાસસ્થાન હોવાની માહિતી આપી હતી.સાથે સાથે તેઓએ સરકાર દ્વારા બનાવવામાં આવતા ડેમના બાંધકામ, ફાયદા, અને ઉપયોગિતા વિશે રસપ્રદ વ્યાખ્યાન આપ્યુ હતું. વિદ્યાર્થીઓએ રાવલ ડેમ પરથી દેખાતાં ગીરનાં સૌદર્ય માણી તેને કેમેરામાં કંડારાવનવાનો અદ્દભૂત લ્હાવો લીધો હતો.



સાંજે વિદ્યાર્થીઓ માટે વિડીયો લેકચરનું આયોજન કરવામાં આવ્યુ. જેમાં ચોમાસામાં સોળે કલાએ ખીલી ઉઠતું ગીરના જંગલ, હિંસક પ્રાણીઓ સામે બચાવના ઉપાયો, સર્પદંશની સારવાર વગેરેની માહિતી આપતા વિડીયો વિદ્યાર્થીઓએ નિહાળ્યા હતા. વિડીયો લેકચર બાદ ઇકો કલબના કો-ઓર્ડિનેટર શ્રી ભાવિન પરમારે આ પ્રકૃતિ શિક્ષણને સફળ બનાવવામાં જેમનો પણ સહયોગ પ્રાપ્ત થયો હતો તે તમામ વ્યક્તિઓ માટે આભારની લાગણી પ્રગટ કરવામા આવી. આ શિબિરના સંભારણારૂપે અત્રેની કોલેજ દ્વારા ચીખલકુબા કેમ્પ સાઇટને સ્મૃતિચિત્ર અર્પણ કરવામાં આવ્યું હતું. શિબિરની પૂર્ણાહૂતી બાદ અધિકારીશ્રીઓની લાગણીને માન આપીને પુનઃ ફાયર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓએ ગૃપ ડાન્સ, સોલો સોંગ, કોમેડી ડાન્સ, એક પાત્રીય અભિનય, એન.સી.સી. ડ્રીલ પ્રદર્શન, વગેરે જેવી કૃતિઓની રજૂઆત કરી હતી. ફાયર કેમ્પ બાદ વિદ્યાર્થીઓ ગરબે ઘુમ્યા હતા.



Scanned with CamScanner

આ પ્રકૃતિ શિક્ષણ શિબિર વિદ્યાર્થીઓ માટે જીવનમાં ન ભૂલી શકાય તેવા અવિસ્મણીય અનુભવ સાથેની રહી હતી. આ શિબીરની મંજૂરી આપવા માટે કોલેજના આચાર્યશ્રીનો તથા આ શિબિરને સફળ બનાવવામાં જે અધ્યાપકોનો સહયોગ મળ્યો છે તે સર્વનો ઇકો ક્લબ વિભાંગ આભાર માને છે.

આભાર સહ

ઇકો ક્લબ કો-ઓર્ડિનેટર

આચાર્ય
ગુજરાત આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ (સાંજ)
અમદાવાદ

Gujarat Arts & Commerce College (Evening)
Ahmedabad-380006.

GUJARAT ARTS & COMMERCE COLLEGE AHMEDABAD

Scanned with CamScanner